

# પરિષદ-પાથેય

**સંકલન : રાજેન્દ્ર પટેલ**

## ગુજરાતી સાહિત્ય પરિષદની મધ્યસ્થ સમિતિ : ૨૦૧૪-૨૦૧૭

**બંધારણ : કલમ : ૫-બ ગુજરાતી સાહિત્ય પરિષદની**

**મધ્યસ્થ સમિતિ (૨૦૧૪-૨૦૧૭)ની રચના નીચે મુજબ રહેશે.**

૧. વર્તમાન પ્રમુખ : શ્રી ધીરુ પરીખ

ભૂતપૂર્વ પ્રમુખ :
૧. વિનોદ ભટ્ટ
૨. નિરંજન ભગત
૩. રઘુવીર ચૌધરી
૪. ધીરુભાઈ ઠાકર
૫. ધીરુબહેન પટેલ
૬. કુમારપાળ દેસાઈ
૭. નારાયણ દેસાઈ
૮. ભગવતીકુમાર શર્મા
૯. વર્ષા અડાલજા

૨. ટ્રસ્ટીઓ :
૧. પ્રફુલ્લ અનુભાઈ
૨. મધુકર પારેખ
૩. વિનોદ ભટ્ટ
૪. શ્રેણિકભાઈ શેઠ
૫. રઘુવીર ચૌધરી
૬. નિરંજન ભગત
૭. હર્ષ બ્રહ્મભટ્ટ
૮. રૂપલ મહેતા
૯. પાવન બકેરી
૧૦. પરેશ નાયક (આમંત્રિત)

**૩. કલમ : ૫-ઘ અન્વયે ચૂંટાયેલા ૪૦ સભ્યો**

| ક્રમ | નામ | મળેલા મત | | | |
|---|---|---|---|---|---|
| ૧. | રતિલાલ બોરીસાગર | ૮૨૪ | ૧૨. | નિરંજન ત્રિવેદી | ૭૧૦ |
| ૨. | માધવ રામાનુજ | ૭૮૪ | ૧૩. | પ્રકાશ ન. શાહ | ૬૯૮ |
| ૩. | ઉષા ઉપાધ્યાય | ૭૬૨ | ૧૪. | નિરંજન રાજ્યગુરુ | ૬૯૮ |
| ૪. | અનિલા દલાલ | ૭૫૫ | ૧૫. | સંધ્યા ભટ્ટ | ૬૯૪ |
| ૫. | નીતિન વડગામા | ૭૪૮ | ૧૬. | જલન માતરી | ૬૯૧ |
| ૬. | જનક નાયક | ૭૩૨ | ૧૭. | રવીન્દ્ર પારેખ | ૬૮૫ |
| ૭. | ગુણવંત વ્યાસ | ૭૩૨ | ૧૮. | જયેન્દ્ર શેખડીવાળા | ૬૭૮ |
| ૮. | શતીષ વ્યાસ | ૭૨૬ | ૧૯. | ઊજમશી પરમાર | ૬૭૬ |
| ૯. | હરિકૃષ્ણ પાઠક | ૭૧૯ | ૨૦. | પ્રફુલ્લ રાવલ | ૬૫૩ |
| ૧૦. | યોગેશ જોષી | ૭૧૯ | ૨૧. | પ્રજ્ઞા પટેલ | ૬૫૨ |
| ૧૧. | ભારતી ર. દવે | ૭૧૯ | ૨૨. | યશવંત કડીકર | ૬૩૯ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૩. | કીર્તિદા શાહ | ૬૨૯ | ૩૨. | શિલિપ ક્લાર્ક | ૫૯૬ |
| ૨૪. | રતિલાલ નાયક | ૬૨૯ | ૩૩. | અજય પાઠક | ૫૯૨ |
| ૨૫. | ધ્વનિલ પારેખ | ૬૨૬ | ૩૪. | રાજેન્દ્ર ઉપાધ્યાય | ૫૭૨ |
| ૨૬. | પિંકી પંડ્યા | ૬૨૫ | ૩૫. | બકુલેશ દેસાઈ | ૫૬૯ |
| ૨૭. | પરેશ નાયક | ૬૨૨ | ૩૬. | ઉત્પલ પટેલ | ૫૬૭ |
| ૨૮. | કેશુભાઈ દેસાઈ | ૬૧૫ | ૩૭. | અજયસિંહ ચૌહાણ | ૫૬૪ |
| ૨૯. | નરોત્તમ વાળંદ | ૬૧૩ | ૩૮. | કનૈયાલાલ ભટ્ટ | ૫૪૦ |
| ૩૦. | ભરત મહેતા | ૬૦૫ | ૩૯. | પ્રફુલ્લ દેસાઈ | ૫૩૯ |
| ૩૧. | ભારતી રાણે | ૫૯૮ | ૪૦. | રાજેન્દ્ર મહેતા | ૫૧૨ |

નોંધ : ૫૧૨ અને તેથી વધુ મત મેળવતા ઉમેદવારોને ચૂંટાયેલા જાહેર કરવામાં આવે છે.

**૪. તા. ૨૯-૬-૧૩ના રોજ મળેલ કાર્યવાહક સમિતિએ વરણી કરેલા સભ્યો-૧૦ (આમંત્રિત)**

૧. સંજય વી. પંડ્યા (મુંબઈ)
૨. દિલીપસિંહ ચૌહાણ (અમદાવાદ)
૩. કિશોરભાઈ ગૌડ (અમદાવાદ)
૪. પ્રજ્ઞા વશી (સુરત)
૫. કનુ ખડદિયા (ભીલોડા)
૬. રાજેશ વ્યાસ 'મિસ્કીન' (અમદાવાદ)
૭. અદિતિ દેસાઈ (અમદાવાદ)
૮. કિશોરસિંહ સોલંકી (અમદાવાદ)
૯. ચિંતન પંડ્યા (અમદાવાદ)
૧૦. અજય રાવલ (અમદાવાદ)

**૫. મધ્યસ્થ સમિતિએ કોઓપ્ટ કરેલા સભ્યો – ચાર (બાકી)**

**૬. સંસ્થાના પ્રતિનિધિઓ – સાત**

૧. અશ્વિનકુમાર કે. દેસાઈ (નર્મદ સાહિત્યસભા, સુરત)
૨. ચંદ્રકાન્ત કે. વ્યાસ (શ્રી રાજસોભાગ સત્સંગ મંડળ, સાયલા)
૩. પ્રકાશચંદ્ર આર. પંડ્યા (અસાઇત સાહિત્ય સભા, મહેસાણા)
૪. પ્રફુલ્લ ભારતીય (સંકલ્પ પરિવાર, નડિયાદ)
૫. ડૉ. વિરંચિ ત્રિવેદી (પ્રેમાનંદ સાહિત્ય સભા, વડોદરા)

નોંધ : બે જગા ખાલી

**૭. સંવર્ધકોના પ્રતિનિધિઓ – ચાર**

૧. કલ્પના પી. પરીખ
૨. મનસુખ સલ્લા
૩. દીવાન ઠાકોર
૪. રૂપા શેઠ

**૮. દાતાના પ્રતિનિધિઓ (લેખકો) – ચાર**

૧. જયંતિ એમ. દલાલ
૨. રાજેન્દ્ર બી. પટેલ

નોંધ : બે જગા ખાલી

**૯. સન્માન્ય સભ્યો – સાત**

૧. ચંદ્રકાન્ત શેઠ　　　　　２. ચંદ્રકાન્ત ટોપીવાળા
૩. મોહનલાલ પટેલ　　　　　૪. કુલીનચંદ્ર યાજ્ઞિક
૫. નરોત્તમ પલાણ　　　　　૬. ઉદયન ઠક્કર
૭. ધીરુ પરીખ

**૧૦. અધિવેશનની સ્વાગત સમિતિના પ્રમુખ અને મંત્રી – બે સભ્યો (તેમની મુદત બે વર્ષની રહેશે)**

મહામંત્રી
ગુજરાતી સાહિત્ય પરિષદ

ચૂંટણી અધિકારી
ગુજરાતી સાહિત્ય પરિષદ

□

૩૦ ઑગસ્ટના રોજ જેમનું નિધન થયું એ નૉબલ પારિતોષિક પ્રાપ્ત કવિ હેની પરંપરાના સંદર્ભે The Follower નામના એક કાવ્યમાં કહે છે :

It is my fater who keeps stumbling
behind me, and will not go away.

પરંપરા આપણી કરોડરજ્જુ છે એ વાતે સૌ કોઈ સંમત થવાના પણ પરંપરા અને નવ્યધારાનાં સાયુજ્યથી એક નવી પરંપા ઊભી થતી હોય છે એ વાત પણ ધ્યાનમાં રાખવા જેવી છે. એ તો જ શક્ય બને, જો નવોદિતોને પ્રોત્સાહિત કરવામાં આવે અને સાથે સાથે તેઓ ઉત્તમ સાહિત્યની ખેવના કરતા થાય એ માટે યોગ્ય વાતાવરણ પણ રચવું જોઈએ. વાસ્તવમાં ઊજળી આવતીકાલ માટે ગઈકાલ અને આજ વચ્ચે એક સેતુની જરૂર હોય છે.

પરિષદે ગત વર્ષોમાં એક સેતુ બનવાનું મહત્ત્વનું કામ કર્યું છે. પરંપરાની પડખે રહી નવસર્જકો સાથે સતત સંવાદ સાધવાનો પ્રયત્ન કર્યો છે. પાક્ષિકી તથા બુધસભાનાં માધ્યમથી આ કાર્ય સુપેરે ચાલે છે. એની સરૈયા લેખિકા નિધિ અંતર્ગત લેખિકાઓ પણ કાર્યશિબિરમાં ઠીક ઠીક ભાગ લે છે. આ ઉપરાંત એક મહત્ત્વનું કામ પણ પરિષદે આરંભ્યું છે. એ છે ગુજરાતી ભાષા અને સાહિત્ય માટે કેકનોલોજીનો વિધેયાત્મક ઉપયોગ. વેબ સાઇટ, ફેસબુક, ઇ-ન્યુઝ લેટર વગેરે દ્વારા સવિશેષ યુવા વર્ગ ખૂબ રસ લેતો થયો છે. એ વાત આપણને ઉત્સાહ પ્રેરે એવી છે. આગામી અધિવેશનનું ઇન્ટરનેટ દ્વારા જીવંત પ્રસારણ (લાઈવ વેબ-કાસ્ટ) કદાચ શક્ય બનશે.

જૂના સામયિકો અને અપ્રાપ્ય પુસ્તકોના આશરે પાંચ લાખ જેટલા પાન ડિજિટલ સ્વરૂપમાં ઢાળવામાં આવ્યા છે, જે પુસ્તકાલયમાં હવે ઉપલબ્ધ છે. પુસ્તકાલયના આશરે ૬૨ હજાર પુસ્તકોનો કેટલોગ ઈન્ટરનેટ ઉપર તો ઘણાં સમયથી ઉપલબ્ધ છે. હવે દસ્તાવેજીકરણના ભાગરૂપે ટૂંક સમયમાં એક ડેટા સેન્ટરનું આયોજન પણ ચાલી રહ્યું છે.

હાલમાં પરિષદમાં પ્રૂફ રીડિંગનાં અભ્યાસક્રમનો આરંભ થયો છે. મોટી સંખ્યામાં

યુવાનોને એમાં જોડાતા જોઈ ખૂબ સારું લાગે છે. હવે પરિષદમાં કુલ ચાર અભ્યાસક્રમો ચાલે છે. આ તમામ વર્ગો સમગ્ર ગુજરાતમાં ઠેર ઠેર ચાલે તો કેવું સારું ? મધ્યસ્થ સમિતિના મિત્રો આ અંગે સક્રિય બને તો આવતા સમયમાં ગુજરાતી ભાષા અને સાહિત્ય માટે ખૂબ જરૂરી છે.

આગામી અધિવેશન આણંદમાં તા. ૨૪/૨૫/૨૬ ડિસેમ્બરમાં યોજાવાનું છે ત્યારે શક્ય હોય ત્યાં સુધી બધા સભ્યો સક્રિય રીતે ઉપસ્થિત રહે તેવી અભિલાષા.

**– રાજેન્દ્ર પટેલ**

## પાક્ષિકી

પાક્ષિકીમાં તા. ૫-૯-૨૦૧૧ના રોજ ઊર્મિ પંડિતે 'જડીબુટ્ટી' વાર્તાનું પઠન કર્યું હતું. સ્ત્રીની સંવેદનાને આળેખતી વાર્તા રસપ્રદ બની હતી. વાર્તાસંદર્ભે થયેલી ચર્ચામાં વાર્તાની ખૂબીઓ ઊપસી આવી હતી. તા. ૧૯-૯-૨૦૧૩ના રોજ મોહન પરમારે 'જાળું' વાર્તાનું પઠન કર્યું હતું. સાધુના જીવનની કથામાં જાળું એ તેની નબળાઈનું પ્રતીક બનીને આવ્યું હતું. સાધુ અંતે મન અને શરીરની તાકાત સામે હાર પામે છે. તમામ ભાવકોએ આસ્વાદમૂલક ચર્ચામાં ભાગ લીધો હતો. કનુભાઈ કડદિયાએ વાર્તાના વિશેષો તારવી આપ્યા હતા.

## અધ્યાપક-સજ્જતા શિબિર

ગુજરાતીનો અધ્યાપક સંઘ, ગુજરાતી સાહિત્ય પરિષદસંચાલિત શ્રી ક. લા. સ્વાધ્યાયમંદિર અને ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે અધ્યાપક-સજ્જતા શિબિરનું તા. ૨૦-૧૦-૨૦૧૩ને રવિવારે સવારે ૯.૦૦થી ૬.૦૦ દરમિયાન આયોજન કર્યું છે. આ શિબિરમાં પહેલી બેઠકમાં 'ઘટનાતત્ત્વનો હ્રાસ : એક ચર્ચા' તેમજ બીજી બેઠકમાં 'સાહિત્યમાં દુર્બોધતાનો પ્રશ્ન' વિશે વક્તવ્યો અને મુક્ત ચર્ચા થશે. ગુજરાતીના અધ્યાપકોને આ કાર્યક્રમમાં જોડાવવા માટે નિમંત્રણ છે. આ કાર્યક્રમમાં સહભાગી બનવા ઇચ્છતા અધ્યાપકોએ પ્રા. ઇતુભાઈ કુરકુટિયાનો સંપર્ક કરવો. મો. નં. ૯૭૧૪૬૪૦૧૫૬.

## ગુજરાતી સાહિત્ય પરિષદનું ૪૭મું અધિવેશન

ગુજરાતી સાહિત્ય પરિષદના સુડતાલીસમા અધિવેશન એન. એસ. પટેલ આર્ટ્સ કૉલેજના યજમાનપદે આણંદ મુકામે તારીખ : ૨૪-૨૫-૨૬ ડિસેમ્બર ૨૦૧૩ના ત્રણ દિવસ યોજાશે. અધિવેશનના પ્રમુખ તરીકે કવિ-વિવેચક, ચરિત્રકાર ને પૌર્વાત્ય-પાશ્ચાત્ય સાહિત્યના અભ્યાસી શ્રી ધીરુ પરીખ રહેશે.

**અધિવેશન સ્થળ : એન. એસ. પટેલ આર્ટ્સ કૉલેજ, આણંદ**

**ઉદ્‌ઘાટન સમારંભ : તા. ૨૪-૧૨-૨૦૧૩ મંગળવાર બપોરે : ૩.૦૦થી ૬.૦૦**

(૧) ગીત : સંગીત ટુકડી.

(૨) સ્વાગત મંત્રીનું ઉદ્‌બોધન :

(૩) સ્વાગત પ્રમુખનું ઉદ્‌બોધન :

(૪) મહેમાનોનું સ્વાગત :

(૫) પરિષદમંત્રીનો વાર્ષિક અહેવાલ : શ્રી રાજેન્દ્ર પટેલ

(૬) નિવૃત્ત થતા પ્રમુખશ્રીનું વક્તવ્ય અને કાર્યભારની સોંપણી : શ્રી વર્ષા અડાલજા<br>શ્રી ધીરુ પરીખ

(૭) પ્રમુખશ્રીનો પરિચય : શ્રી પ્રફુલ્લ રાવલ

(૮) પ્રમુખશ્રીનું વક્તવ્ય : શ્રી ધીરુ પરીખ

(૯) અતિથિવિશેષશ્રીનો પરિચય :

(૧૦) અતિથિવિશેષશ્રીનું વક્તવ્ય :

(૧૧) આભારદર્શન (યજમાન સંસ્થા)

**બેઠક પહેલી : તા. ૨૪-૧૨-૨૦૧૩ મંગળવાર, રાત્રે ૮.૩૦થી ૧૦.૦૦**

આસ્વાદ : રાજેન્દ્ર શાહની કવિતાઓ<br>
વિભાગીય અધ્યક્ષ : ધીરુ પરીખ<br>
સંયોજક : પરેશ નાયક

**તા. ૨૫-૧૨-૧૩ બુધવારના રોજ સવારે ૮.૦૦થી ૯.૦૦**

**ગુજરાતી સાહિત્ય પરિષદની નવી/જૂની મધ્યસ્થ સમિતિ અને કાર્યવાહક સમિતિની સંયુક્ત બેઠક**

**બેઠક બીજી : તા. ૨૫-૧૨-૨૦૧૩ બુધવાર, સવારે ૯.૩૦થી ૧૨.૩૦**

કવિતા : સાહિત્યસ્વરૂપ – કેફિયત<br>
વિભાગીય અધ્યક્ષ : માધવ રામાનુજ<br>
વક્તા : કવિ-કેફિયત : હરીશ મીનાશ્રુ<br>
ગીત : મનોહર ત્રિવેદી<br>
ગઝલ : જલન માતરી<br>
સંચાલન : નીતિન વડગામા

**બેઠક ત્રીજી : તા. ૨૫-૧૨-૧૩ બુધવાર, બપોરે ૩.૦૦થી ૬.૦૦**

**વિવેચન-સંશોધન**

વિભાગીય અધ્યક્ષ : અજિત ઠાકોર

વક્તાઓ : હર્ષવદન ત્રિવેદી, હસિત મહેતા, રાજેશ પંડ્યા
સંચાલન : કીર્તિદા શાહ

**બેઠક ચોથી : તા. ૨૫-૧૨-૧૩ બુધવાર, રાત્રે ૮.૦૦થી ૯.૩૦**

**યજમાન સંસ્થા આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમ**

**બેઠક પાંચમી : તા. ૨૬-૧૨-૧૩ ગુરુવાર, સવારે ૮.૦૦થી ૧૧.૦૦**

પરિસંવાદ : શિક્ષણના માધ્યમ તરીકે સાહિત્ય
વિભાગીય અધ્યક્ષ : આર. બી. શાહ
વક્તાઓ : શિક્ષણ અને સાહિત્ય – ધવલ મહેતા
સમૂહ માધ્યમ અને સાહિત્ય – રઘુવીર ચૌધરી
સમાજવિજ્ઞાનમાં સાહિત્ય – સુદર્શન આયંગર
સંચાલન : જનક નાયક

**બેઠક છઠ્ઠી : તા. ૨૬-૧૨-૧૩ બપોરે ૧૧.૦૦થી ૧૨.૦૦**

**અધિવેશન સમાપન બેઠક**

– ગુજરાતી સાહિત્ય પરિષદનું ખુલ્લું અધિવેશન અને સમાપન બેઠક
– ઠરાવો : પ્રતિભાવો અને આભારવિધિ
– આભારદર્શન (પરિષદ), (યજમાન સંસ્થા)
– બપોરના ભોજન પછી અધિવેશનની સમાપ્તિ થશે.

નોંધ : અધિવેશનમાં ભાગ લેવા ઇચ્છતા પ્રતિનિધિઓએ ભોજન-ઉતારા શુલ્ક રૂ. ૩૦૦/- તથા પ્રતિનિધિ શુલ્ક રૂ. ૨૦૦/- ભરવાના રહેશે. કુલ રૂ. ૫૦૦/- થશે. વિદ્યાર્થીઓએ ૫૦% રકમ ભરવાની રહેશે. (કાર્યક્રમનો અહેવાલ રજૂ કરનાર વિદ્યાર્થીને પ્રમાણપત્ર આપવામાં આવશે.) ભોજન-ઉતારા અને પ્રતિનિધિ શુક્લ તા. ૧૫-૧૨-૧૩ સુધીમાં પરિષદ કાર્યાલય અમદાવાદમાં ભરી દેવાથી વ્યવસ્થા સરળ થશે. ત્યારબાદ સ્વીકારવામાં આવશે નહીં.